ॐ

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥

ધ્યાન : માળા કમંડલુ લસે કર નીચલામાં
ડમરુ ત્રિશુળ વચલા કરમાં બિરાજે ।
ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત ॥

॥ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ॥

# ૐ દત્તબાવની ૐ

જય યોગીશ્વર દત્ત દયાળ । તું જ એક જગમાં પ્રતિપાળ;
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર:
અંતર્યામી સત ચિત્ સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાન્તિ કમંડલ કર સોહાય
ક્યાંય ચતુર્ભુજ ષડભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર!
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ!

સૂણી અર્જુન કેરો સાદ રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્:
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.
કીધો આજે કેમ વિલંબ! તુજ વિણ મુજને ના આલંબ!
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ
વિસ્તારી માયા. દિતિસુત ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઈ કંઈ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ? ૧૪
દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તે નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહલાદ અકામ.
એવી તારી કૃપા અગાધ! કેમ સુણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત!
જોઈ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ,
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ! તર્યો ધોબી છેક ગમાર,
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર
કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર! થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તે સુતનાં કૃત્સ્ન.

કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ:
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ. ૨૨
ઝાલર ખાઈ રીઝ્યો એમ. દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તે નિર્ધાર
પિશાચ-પીડા કીધી દૂર વિપ્રપુત્ર ઉઠાડ્યો શૂર
હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત! ૩૦
નિમેષમાત્રે તંતુક એક, પ્હોંચાડ્યો શ્રીશૈલે દેખ!
એકી સાથે આઠ સ્વરૂપ ધરી દેવ બહુ રૂપ અરૂપ;
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત,
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪
રામ કૃષ્ણરૂપે તેં એમ કીધી લીલાઓ કંઈ તેમ;
તાર્યા પથ્થર ગણિકા વ્યાધ! પશુપંખી પણ તુજને સાધ
અધમ ઓધારણ તારું નામ; ગાતાં સરે ન શા શા કામ?
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણ માત્રથી શર્વ ૩૮
મૂઠ ચોટ ન લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભુત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધુન સાંભળતાં મૂર્ત.

કરી ધુપ ગાએ જે એમ દત્તબાવની આ સપ્રેમ,
સુધરે તેના બંને લોક; રહે ન તેને ક્યાંયે શોક?
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર્ય તેનાં જાય! ૪૪
બાવન ગુરૂવારે નિત નેમ. કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ તેને કદિ ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે માયા-રંગ!
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક ૪૮
વંદુ તુજને વારવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતા જ્યાં શેષ કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર, સુણી હસે તે ખાશે માર!
તપસી તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રીગુરૂદેવ!

